## શ્રી માતાજીનું પૉંડિચેરીમાં આગમન...

**શ્રી માતાજી** અને પોલ રિશારે 'કાગામારુ' સ્ટીમર કોલંબો આવ્યા પછી છોડી દીધી. કોલંબોથી નાની બોટમાં મનારની ખાડી ઓળંગીને તેઓ ધનુષકોટી ઉતર્યાં અને ત્યાંથી રેલ્વે દ્વારા, તા. ૨૯, માર્ચ ૧૯૧૪ ના રોજ પૉંડિચેરી આવી પહોંચ્યાં. તે સમયે પૉંડિચેરી ફ્રેંચ સંસ્થાન હતું. શ્રી માતાજી તે જ દિવસે બપોરે 3.30 કલાકે, ૪૧ રૂઇ ફ્રાન્સ્વા માર્તે સ્ટ્રીટમાં આવેલા જૂના ગેસ્ટ હાઉસમાં પહેલા માળે શ્રી અરવિન્દને મળ્યાં.

"જેવા મેં શ્રી અરવિન્દને જોયા કે તુર્ત જ મેં તેમને, હું જેમને શ્રી કૃષ્ણ કહેતી હતી તે વ્યક્તિ તરીકે ઓળખી લીધા. ... અને આ ઘટના એ વાત સમજાવવા માટે પૂરતી છે કે શા માટે મને સંપૂર્ણ પ્રતીતિ થઇ હતી કે મારું સ્થાન અને કાર્ય તેમની નિકટ, ભારતમાં છે. ..."

*

બીજા દિવસે તેમની ડાયરીમાં તેમણે નોંધ્યું:

માર્ચ 30, ૧૯૧૪.

... ક્ષિતિજ ધીમેધીમે ચોક્કસ બનતી જાય છે; માર્ગ સ્પષ્ટ થતો જાય છે. અમે એક વધુ ને વધુ નિશ્ચિતતા તરફ ગતિ કરીએ છીએ.

જગતમાં ભલે હજારો લોકો ગહન અજ્ઞાનમાં ડૂબેલાં હોય; તેની ચિંતા નથી. ગઈ કાલે અમને જેમનાં દર્શન થયાં તે પૃથ્વી ઉપર છે, એમની હાજરી પોતે જ એ હકીકત સિદ્ધ કરવાને પૂરતી છે કે એક દિવસ એવો આવશે કે જ્યારે ગહનમાં ગહન અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે, અને પૃથ્વી પર તારું શાસન અવશ્ય સ્થપાશે. ...

– શ્રી માતાજી

'Glimpses of The Mother's Life'
By Nilima Das માંથી સાભાર

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2024
APRIL
૧ એપ્રિલ, ૨૦૨૪

# The Journey of The Mother and Sri Aurobindo To Pondicherry

## – શ્રી માતાજી અને શ્રી અરવિન્દનું પૉંડિચેરીમાં આગમન –

**The Mother** and Poul Richard left the 'Kaga Maru' at Colombo and then, crossing the straits at Talaimunnar, disembarked at Dhanushkoti, took the train and arrived at Pondicherry, which was then in French India, on 29th March 1914. She met Sri Aurobindo in the "Old Guest House", 41 rue François Martin, on the first floor, that same day at 3.30 in the afternoon.

As soon as I saw Sri Aurobindo I recognised in him the well-known being whom I used to call Krishna. … And this is enough to explain why I am fully convinced that my place and my work are near him, in India.

*

In her diary the next day she wrote:

March 30, 1914

… Gradually the horizon becomes distinct, the path grows clear and we move towards a greater and greater certitude.

> It matters little that there are thousands of beings plunged in the densest ignorance; He whom we saw yesterday is on earth; his presence is enough to prove that a day will come when darkness shall be transformed into light, and Thy reign shall actually be established upon earth.

– The Mother

Compiled from:
'Glimpses of The Mother's Life' P.P. 130-131
By Nilima Das.

## Sri Aurobindo's arrival to Pondicherry...

**In March 1910 Sri Aurobindo** received an **Adesh** [higher command] to go to Pondicherry. Sri Aurobindo asked Motilal Roy to make arrangements for departure. Motilal entrusted this task to Amar Chatterji of Uttarpara and Sukumar Mitra. This mission was to be carried out very secretly. Sukuar called Nagendra Kumar Guha Roy, a nationalist worker of Noakhali, and gave him two trunks. Next day Sukumar gave two names to Nagen and asked him to buy two tickets of second class in the steamer going to Colombo, the names had been taken from subscriber-list of 'Sanjivani' (The Journal). The tickets were purchased for Colombo, and a double passenger cabin was reserved.

As arranged previously, on 31st March Sri Aurobindo was to be carried from Dumar Tala Ghat to Chand Pal Ghat from where steamer 'Dupleix' was to start. But the workers missed the boat carrying Sri Aurobindo so their meeting on the Ghat delayed. Due to this the Doctor who was to check the passengers left for home. Nagen found out address and they all rushed to Doctor's residence. Doctor checked Sri Aurobindo and Bijoy and issued certificate. The Doctor had remarked that Sri Aurobindo spoke chaste English.

They all went back to Ghat in the same carriage. During all this time Sri Aurobindo was unmoved. Quiet without least anxiety. He sat like a statue as if in meditation!.

When they reached the Ghat it was nearly 11.00 PM. They all went up to reserved cabin with trunks. Bijoy began to prepare the bedding for Sri Aurobindo. Amar and Nagen stood before Sri Aurobindo and did Namaskar. Amar gave Sri Aurobindo money given by Rajendra Mukherji of Uttarpara. Then he and Nagen took their leave, Nagen bowed and both went down.

The Steamer left Calcutta in the early hours of 1st April. The assumed names of Sri Aurobindo and Bijoy were Jyotindranath Mitra and Bankimchandra Basak respectively for this journey. 'Dupleix' arrived at Pondicherry at 4.00 PM. Of 4th April 1910. Moni, who arrived on 31st of March, went to the port along with Srinivaschari and Bharti to receive Sri Aurobindo. After tea Sri Aurobindo was taken to Comty Chetty Street. Sri Aurobindo remained there till October as the guest of Shankar Chetty.

---

Abridged and compiled from
'The Life of Sri Aurobindo'
By A. B. Purani.

## શ્રી અરવિન્દનું પોંડિચેરીમાં આગમન...

**૧૯૧૦, માર્ચની આખરમાં શ્રી અરવિન્દને** પોંડિચેરી જવાનો આદેશ થયો. આની વ્યવસ્થા ગોઠવવા શ્રી અરવિન્દે મોતીલાલ રોયને જણાવ્યું. આ કાર્ય પાર પાડવા મોતીલાલ-રોયે અમર ચેટરજી અને સુકુમાર મિત્તરને જવાબદારી સોંપી. આ કાર્ય ખૂબ સતર્કતાપૂર્વક કરવાનું હતું કારણકે શ્રી અરવિન્દની પોંડિચેરી જવાની વાત અત્યંત ગુપ્ત રાખવાની હતી. સુકુમારે એક રાષ્ટ્રીય કાર્યકર્તા નાગેન્દ્ર ગુહરાયને બોલાવી તેમને બે ટ્રંક સોંપી. બીજે દિવસે સુકુમારે નગેનને બે માણસોનાં નામ લખી આપ્યાં અને કોલંબો જનાર સ્ટીમરમાં તે બે નામની સેકન્ડ ક્લાસની ટિકિટો લઈ આવવાને કહ્યું. એ બે નામો 'સંજીવની'(પત્ર) ના ગ્રાહકોની નોંધમાંથી લેવામાં આવ્યાં હતાં. ટિકિટ પોંડિચેરીના બદલે કોલંબોની લેવામાં આવી અને બે જણ સાથે મુસાફરી કરી શકે તેવી એક કેબિન રિઝર્વ કરાવવામાં આવી.

ગોઠવણ પ્રમાણે તા. ૩૧મી માર્ચે ડુમરતલ્લા ઘાટથી હોડી મારફતે શ્રી અરવિન્દને કલકત્તાના ચાંદપાલ ઘાટ પહોચાડવાના હતા જ્યાંથી સ્ટીમર 'ડુપ્લેક્ષ' ઉપડવાની હતી. પરંતુ કાર્યકર્તાની સમયચૂકને કારણે થોડી અવ્યવસ્થા સર્જાઈ અને ઘણું મોડું થયું. પેસેન્જરોની તપાસ કરનાર ડૉક્ટર પણ સ્ટીમર પરથી ઘરે જવા નીકળી ગયા હતા. સ્ટીમરના કેપ્ટન પાસેથી ઘરનું સરનામું લઈ કાર્યકરો શ્રી અરવિન્દને લઈને ડૉક્ટરના ઘરે પહોંચી ગયા અને ત્યાંથી હેલ્થ સર્ટી. લઈને બહાર આવ્યા. એ ડૉક્ટરે રિમાર્ક કરી કે શ્રી અરવિન્દનું અંગ્રેજી ઇંગ્લેન્ડનું શુદ્ધ અંગ્રેજી હતું! ત્યાંથી બધા એ જ ગાડીમાં ચાંદપાલ ઘાટ ગયા. આ બધી દોડાદોડી દરમિયાન શ્રી અરવિંદના ચહેરા ઉપર ચિંતા કે ઉદ્વેગની કોઈ નિશાની ન હતી. શ્રી અરવિન્દ એક અટલ, અચલ, સ્થિર - જાણે કે પ્રાણહીન મૂર્તિની જેમ નિશ્ચિંત ભાવે બેઠા હતા, જાણે ધ્યાનમાં મગ્ન!

ચાંદપાલ ઘાટે ગાડી પહોંચી ત્યારે રાત્રીના ૧૧ વાગ્યા હતા. મજુર રિઝર્વે કરાવેલી કેબિનમાં સમાન મૂકી બહાર ગયો. બિજય શ્રી અરવિન્દ માટે બિછાનું કરવા લાગ્યો. અમરચેટરજી અને નગેન ગુહરાય બન્ને શ્રી અરવિન્દ સામે હાથ જોડી ઊભા રહ્યા. અમરે ઉત્તરપાડાના જમીનદાર રાજેન્દ્ર મુખરજીએ આપેલા રૂપિયા શ્રી અરવિન્દના હાથમાં મૂક્યા. પછી અમરે હાથ જોડીને નમસ્કાર કરીને રજા લીધી અને નગેને શ્રી સરવિંદને પગે પડીને પ્રણામ કર્યાં અને કિનારે ઊતરી ગયા.

એપ્રિલની ૧લીએ વહેલી સવારે સ્ટીમર 'ડુપ્લેક્ષ' શ્રી અરવિન્દને લઈને પોંડિચેરી જવા માટે રવાના થઈ. સાથે હતા ખુલના(હાલ બાંગ્લાદેશમાં)વાસી બિજય કુમાર નાગ. આ મુસાફરી માટે શ્રી અરવિન્દ માટે જ્યોતીન્દ્રનાથ મિત્ર અને બિજય નાગ માટે બંકિમચંદ્ર બસકના નામે ટિકિટો લેવામાં આવી હતી.

એપ્રિલની ૪થી તારીખે સાંજે ૪વાગે સ્ટીમર પોંડિચેરી આવી પહોંચી. સુરેશ ચક્રવર્તી(મોની) જે ૩૧મી માર્ચે પોંડિચેરી પહોંચી ગયા હતા, તેઓ, શ્રીનિવાસચારી અને સુબ્રમણ્યમ્ ભારતી વિ. શ્રી અરવિન્દને લેવાને બંદર પર ગયા હતા. શ્રી અરવિન્દ અને બિજય નાગ બે ટ્રંકો સાથે ઊતર્યા, ત્યાં એમને ચા-પાણી કરાવીને કોમટી ચેટ્ટી સ્ટ્રીટમાં શંકર ચેટ્ટીને ઘેર લઈ જવામાં આવ્યા. અહીં શ્રી અરવિન્દ શંકર ચેટ્ટીના મહેમાન તરીકે ઑક્ટોબર, ૧૯૧૦ સુધી રહ્યા.

---

'શ્રી અરવિન્દ જીવન'
લે. અંબાલાલ પુરાણી - માંથી સંક્ષિપ્ત સંકલન